| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A"<br>by NAAC (CGPA 3.05) | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 - | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |

website :- www.saurashtrauniversity.edu e-mail id :- phyedu@sauuni.ac.in


નં.શા.શિ/યુ.મ./૧૮૫/૨૦૧૯

તા.૧૬-૦૯-૨૦૧૯

પરિપત્ર:-

**વિષય:- યુવક મહોત્સવ૨૦૧૯-૨૦ ની સ્પર્ધાઓમાં "બેટી બચાવો, બેટી પઢાવો", અને નારી સશક્તિકરણની થીમ પર સ્પર્ધાઓ યોજવા બાબત.**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓને તથા માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજ અને અનુસ્નાતક ભવનોના વિધાર્થી ભાઈઓ/બેહેનોનો સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષનો યુવક મહોત્સવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે તા. ૨૯-૦૯-૨૦૧૯ થી તા. ૦૧-૧૦-૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે માન.ગુજરાત સરકારશ્રીએ નિયત કરેલ થીમ પ્રમાણે આ વર્ષના યુવક મહોત્સવમાં "બેટી બચાવો, બેટી પઢાવો", અને નારી સશક્તિકરણનાં થીમ પર કૃતિઓ રજુ થાય તે મુજબનો અનુરોધ કર્યો છે. તે અન્વયે શક્ય હોય ત્યાં સુધી યુવક મહોત્સવ ૨૦૧૯-૨૦ ની સ્પર્ધાઓ જેવી વક્તૃત્વ સ્પર્ધા, ડિબેટ સ્પર્ધા, કાવ્ય લેખન, કવિઝ સ્પર્ધા, સર્જનાત્મક કારીગરી સ્પર્ધા, કાર્ટુનીંગ સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, મુક અભિનય, નાટક (એકાંકી) સ્પર્ધા, અને સ્કીટ (લઘુનાટક) માં "બેટી બચાવો, બેટી પઢાવો", અને નારી સશક્તિકરણનાં મુદ્દાઓને આવરી લઈ રજુઆત કરવાની રહેશે. સરકારશ્રીનાં આ અભિગમને પ્રાધાન્યતા આપવા આપની કોલેજ/ભવનનાં સ્પર્ધકો તથા સ્પર્ધા તૈયાર કરતાં તજજ્ઞોને અનુરોધ કરવા વિનંતી.

શારીરિક શિક્ષણ નિયામક.

<u>પ્રતિ.</u>

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રી,

૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.

૩. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌ.યુનિ. રાજકોટ. (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

<u>નકલ સાદર રવાના :-</u>

(૧) માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી અંગત સચિવશ્રી.

(૨) કુલસચિવનાં અંગત સચિવશ્રી. (૦૩) હિસાબ વિભાગ. (૪). ઓડીટ વિભાગ.

(૫) કેશ વિભાગ. (૬) આઈ. ક્યુ. એ. સી. વિભાગ.